**TAT સંદર્ભે સેવારત શિક્ષકોની સેવા શરતો સુરક્ષિત રહે**

## વર્ષોથી સેવા આપતા શિક્ષકોની નોકરી અને ભવિષ્ય જોખમમાં મુકાય તેવી ચિંતા

### સિંગવડ-લીમખેડા શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોરને આવેદન



(પ્રતિનિધિ) સિંગવડ,દાહોદ, તા.19
શિક્ષક પાત્રતા કસોટી - TATના સંદર્ભમાં સેવામાં રહેલા શિક્ષકોની સેવા શરતોને સુરક્ષિત રાખવાની માંગ સાથે આજરોજ સિંગવડ અને લીમખેડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોએ લીમખેડા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોરના નિવાસ્થાને આવેદનપત્ર આપીને સંસદીય હસ્તક્ષેપની માંગ કરી છે. આવેદન આપનારામાં સિંગવડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ ગોપાલભાઈ રાવળ, મહામંત્રી પ્રકાશભાઈ બારીયા, લીમખેડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ કલ્લુભાઈ ડામોર, મહામંત્રી અક્ષયભાઈ પલાસ સહિત કાંતિભાઈ સેલોત, નર્વતભાઈ ભાભોર, માધુભાઈ કટારા, બાબુભાઈ રાવત - બંને તાલુકા સંઘના હોદ્દેદારો સામેલ હતા. આચાર્ય મારફતે પણ રજૂઆત કરવામાં આવી હતી. શિક્ષક સંઘના આગેવાનોનું કહેવું છે કે TATની નવી જોગવાઈઓના કારણે સેવામાં રહેલા શિક્ષકોની સેવા શરતો, વરિષ્ઠતા અને અન્ય લાભો પર અસર થવાનો ભય છે. વર્ષોથી સેવા આપતા શિક્ષકોની નોકરી અને ભવિષ્ય જોખમમાં મુકાય એવી ચિંતા સંઘે વ્યક્ત કરી છે.

### દેવગઢ બારીયા તાલુકામાંથી 250 ઉપરાંત શિક્ષકો ભાગ લીધો હતો

સુપ્રીમ કોર્ટ દ્વારા 2011 પહેલાના શિક્ષકોને ફરજિયાત ટેટ પાસ કરવાના ચુકાદાનો વિરોધ કરવા માટે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા લેવલ ,રાજ્ય લેવલ અને દેશ લેવલે દિલ્હી ખાતે ધરણાં અને સંસદ ઘેરાવનો તથા આવેદન આપવાનો કાર્યક્રમ જાહેર કરેલ છે. તે અનુસંધાને દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તારીખ 17 - -2026 ના રોજ કલેક્ટર કચેરી બહાર રોડની બાજુમાં બપોરના એક થી ત્રણ કલાકે ધરણા યોજવાનું નક્કી કરેલ છે.ત્યારબાદ માનનીય કલેક્ટર સાહેબ દાહોદને આવેદન આપવાનો કાર્યક્રમ જાહેર કરેલ છે.તેમાં દાહોદ જિલ્લામાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ઉમટી પડનાર હોય,તેમાં દેવગઢ બારિયા તાલુકામાંથી ૨૫૦ ઉપરાંત શિક્ષકો આ ધરણામાં ભાગ લીધો હતો.

**એલસીબી પોલીસનો હાઇવે પર સપાટો**

## ગોધરામાંથી ૧ કરોડથી વધુના વિદેશી દારૂ ભરેલા કન્ટેનર સાથે ડ્રાઈવરની ધરપકડ



(પ્રતિનિધિ) ગોધરા, તા.19
પંચમહાલ જિલ્લાની ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ગોધરા-જાફરાબાદ હાઈવે પર ન્યુ રામદેવ ચૌધરી ધાબાની પાછળ આવેલા પાર્કિંગમાં દરોડો પાડીને એક કરોડ રૂપિયાથી વધુની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને રાજસ્થાન પાસિંગના RJ-14-GG-5172 એક બંધ બોડીના કન્ટેનરને ચારે બાજુથી કોર્ડન કરીને તપાસ કરવામાં આવી હતી. આ કન્ટેનરમાંથી જુદી-જુદી બ્રાન્ડની વ્હિસ્કી અને બિયરની કુલ ૪૧,૧૪૯ બોટલો તથા ટીન ભરેલી ૧૫૬૨ પેટીઓ મળી આવી હતી. જપ્ત કરાયેલા દારૂની કુલ કિંમત ૧,૦૦,૩૦,૭૭૫ રૂપિયા થાય છે. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂ ઉપરાંત ૩૦ લાખ રૂપિયાની કિંમતનું ટાટા કન્ટેનર અને ૨૦ હજારના બે મોબાઈલ ફોન મળીને કુલ ૧.૩૦ કરોડથી વધુનો તોતિંગ મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે કન્ટેનરના ચાલક ખેમારામ રાઉતારામ બેનીવાલ રહે. બાલોતરા, રાજસ્થાનની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી લીધી હતી. આ આંતરરાજ્ય દારૂના નેટવર્કમાં અન્ય ઈસમોની સંડોવણી પણ સામે આવી છે. પોલીસે પકડાયેલા ડ્રાઈવર ઉપરાંત મુખ્ય સૂત્રધાર ગણાતા સહ-આરોપી અસલારામ ગોરસીયા, કન્ટેનરનો માલિક, દારૂ ભરેલું કન્ટેનર આપનાર શખ્સ અને આટલો મોટો વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર સ્થાનિક બુટલેગર વિરુદ્ધ ગોધરા શહેર એ-ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહીબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને ફરાર આરોપીઓને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**જોબચાર્ટ અલગ કરવાની માગને લઈને રોષ**

## દાહોદ જિલ્લા તલાટી કમ મંત્રીઓની મહેસૂલી કામગીરી બંધ કરવાની ચીમકી

### અનેક વિભાગોની વધારાની કામગીરીનો બોજ

(પ્રતિનિધિ) દાહોદ, તા.19
ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળના આહ્વાનને અનુસરી દાહોદ જિલ્લાના તલાટી કમ મંત્રીઓએ મહેસૂલી તલાટી અને તલાટી કમ મંત્રીના જોબચાર્ટ અલગ કરવાની માંગને લઈને સરકાર સામે રોષ વ્યક્ત કર્યો છે. વર્ષો જૂની માંગણીઓનો હજુ સુધી નિકાલ ન આવતા મહેસૂલી કામગીરી બંધ કરવાની ચીમકી આપવામાં આવી છે.મહામંડળના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૨ની હડતાળ દરમિયાન સરકાર દ્વારા મહેસૂલી તલાટી અને તલાટી કમ મંત્રીના કાર્યવિભાગ અલગ કરવા માટે ઉચ્ચસ્તરીય સમિતિ રચવાનો નિર્ણય લેવાયો હતો. ત્યારબાદ બે વખત સમિતિની રચના છતાં આજદિન સુધી કોઈ સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો નથી.

તલાટી કમ મંત્રીઓનું કહેવું છે કે ગ્રામ્ય કક્ષાએ પંચાયત, મહેસૂલ તેમજ અન્ય અનેક વિભાગની વધારાની કામગીરીનો બોજ તેમના પર સતત વધતો રહ્યો છે. બીજી તરફ સરકાર દ્વારા મહેસૂલી તલાટીની ભરતી પૂર્ણ કરી નિમણૂક પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, છતાં બંને કેડરની જવાબદારીઓ અંગે સ્પષ્ટતા કરવામાં આવી નથી.દાહોદ જિલ્લા તલાટી કમ મંત્રીઓએ માંગ કરી છે કે મહેસૂલ વિભાગની તમામ કામગીરી મહેસૂલી તલાટીઓને સોંપવામાં આવે અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગની કામગીરી તલાટી કમ મંત્રીઓને સોંપવામાં આવે. માગણીઓનો વહેલી તકે નિકાલ નહીં આવે તો દાહોદ જિલ્લાના તલાટી કમ મંત્રીઓ મહેસૂલી કામગીરી સહિત અન્ય વધારાની કામગીરી બંધ કરવા મજબૂર બનશે.

## હાલોલના કંજરી રોડ પર રિદ્ધિ સિદ્ધિ ગણેશ મંદિરનો ૧૨મો પાટોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ) હાલોલ, તા.19
હાલોલ નગરના કંજરી રોડ ચાર રસ્તા પાસે શ્રી ભીડભંજન હનુમાનજી મંદિર ની સામે આથી બાર વર્ષ પહેલા ગણેશ ભક્તો દવારા શ્રી રિદ્ધિ સિદ્ધિ ગણેશ મંદિર ની સ્થાન કરવામાં આવી હતી. જને લઇ મંદિર ટ્રસ્ટ દવારા પ્રતિ વર્ષે આ શુભદિને મંદિરના પાટઉત્સવ ની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત શ્રી રામજી મંદિરના મહંત શ્રી પ.પૂ.રામશનરદાસજી મહારાજ ની પ્રેરણા અને તેમના આશીર્વાદ થી તા.16 થી 18 જૂન દરમ્યાન ત્રણ દિવસ ભક્તિમય વાતાવરણમાં માં 12 મો પાટોત્સવ ની ધામધૂમથી ઉજવણી કરવા માં આવી રહી છે . જેમાં મંગળવાર ના રોજ રાત્રે 9.00 કલાકે સુંદરકાંડ નો પાઠ બુધવાર ના રોજ રાત્રે 9.00 કલાકે કમલેશ બારોટ, સચિન બારોટ, મનીષાબેન પધાડી અને હાસ્ય કલાકાર નરેન્દ્ર સોલાંકી દ્વારા લોકડાયરો યોજાયો હતો. તેમજ ગુરુવાર ના રોજ સવારે 6.00 કલાકે અભિષેક ત્યારબાદ 8.00 કલાકે કમલેશભાઈ શાસ્ત્રી તેમજ અન્ય બાર ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચાર સાથે શ્રી ગણેશ યજ્ઞ તથા સહસ્ત્ર મોદક યજ્ઞ નો પ્રારંભ થયો હતો. જેના પાંચ દંપતી એ યજ્ઞ કુંડમાં આહુતિ આપવામાં આવી હતી.જે સાંજે 5.00 કલાકે શસ્તોક્ત વિધિવત હવન કુંડમાં શ્રીફળ ફોમી યજ્ઞ નું સમાપન કરવામાં આવ્યું હતું.

## ગાંગરડીમાં જનકલ્યાણ શિબિરમાં લાભાર્થીઓને PM-JAY કાર્ડ વિતરણ



(પ્રતિનિધિ) ગરબાડા, તા.19
દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકાના ગાંગરડી ગામની જે.કે. એમ.તન્ના માધ્યમિક શાળામાં જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત ગરબાડાના પ્રમુખ તથા જિલ્લા પંચાયત સભ્ય એ પોર્ટેબલ એક્સ-રે યુનિટની મુલાકાત લઈ આરોગ્ય સેવાઓની કામગીરીની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) અંતર્ગત આયુષ્માન કાર્ડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન આરોગ્ય વિભાગના અધિકારીઓ અને આરોગ્ય ટીમ દ્વારા મહાનુભાવોને પોર્ટેબલ એક્સ-રે યુનિટની કાર્યપદ્ધતિ, ટીબી રોગના સ્ક્રીનિંગની પ્રક્રિયા તેમજ સ્થળ પર જ એક્સ-રે સેવાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવે છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ઉપસ્થિત મહાનુભાવોએ આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી અને અંતરિયાળ વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવાના પ્રયાસોને બિરદાવ્યા હતા. મહાનુભાવોએ ઉપસ્થિત નાગરિકોને ટીબી સહિત અન્ય શ્વસન સંબંધિત રોગોના વહેલા નિદાન માટે સમયસર તપાસ કરાવવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકારી આરોગ્ય સેવાઓનો વધુમાં વધુ લાભ લઈ લોકો પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃત બને તેમજ ગંભીર રોગોને પ્રારંભિક તબક્કે જ ઓળખી સમયસર સારવાર મેળવી શકે. સાથે જ તેમણે વધુમાં વધુ પાત્ર લાભાર્થીઓને PM-JAY યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. જનકલ્યાણ શિબિરમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ટ્રેક્ટર-ટ્રોલી સહિત કુલ રૂ. ૬.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત**

## વેજલપુર પોલીસે અલાલી ગામની સીમમાંથી રૂ. ૩.૨૪ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો



(પ્રતિનિધિ) કાલોલ, તા.19
વેજલપુર પોલીસ સ્ટેશનની ટીમે અલાલી ગામની સીમમાં બાતમીના આધારે દરોડો પાડીને એક ટ્રેક્ટરની ટ્રોલીમાં છુપાવી રાખેલો વિદેશી બિયરનો મોટો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસે બિયરના ટીન અને ટ્રેક્ટર-ટ્રોલી મળીને કુલ રૂપિયા ૬,૭૪,૩૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હજુ પાંચ દિવસ પહેલા જ આ બુટલેગર નો દારૂનો જથ્થો એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો જે બાદ વેજલપુર પોલીસની કાર્યવાહીમાં મોટો જથ્થો મળી આવ્યો છે.પંચમહાલ પોલીસ ના ઉચ્ચ અધિકારીઓ ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિ નાબૂદ કરવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત વેજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જી.કે. વહુનિયાને એક ખાનગી બાતમીદાર તરફથી ચોક્કસ માહિતી મળી હતી. કે, અલાલી ગામના મંદિર ફળિયામાં રહેતો કલ્પેશ ઉર્ફે ચડો છત્રસિંહ પરમાર નામનો શખ્સ અલાલી ગામની સીમમાં આવેલા વિક્રમભાઈ ઉર્ફે કાળુભાઈ અમરસિંહ પરમારના ગાય-ઘોડાના તબેલા પાસેના ખેતરમાં એક ટ્રેક્ટરની ટ્રોલીમાં કાળા કલરની તાડપત્રી ઢાંકીને વિદેશી દારૂ/બિયરનો જથ્થો સંતાડી રાખ્યો છે. જે આધારે બાતમીવાળી જગ્યાએ વેજલપુર પોલીસની ટીમે તાકીદે સર્ચ ઓપરેશન હાથ ધરતાં ત્યાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ 'માઉન્ટ ૬૦૦૦ ટીન બિયર' ના કુલ ૧,૨૨૪ નંગ (૫૧ પેટીઓ) મળી આવ્યા હતા.

**એકને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડાયો**

## કાલોલના કાતોલ નજીક બે બાઈક વચ્ચેના અકસ્માતમાં એકનુ મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.19
પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનની હદમાં બંને બાઈક ચાલકો દ્વારા પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવવાને કારણે સર્જાયો હતો. કાતોલ ગામના દેવપુરા ફળિયામાં રહેતા અને ઓટો ગેરેજનો ધંધો કરતા પ્રવિણભાઇ સોમાભાઇ પરમારે કાલોલ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ મંગળવારના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં આ અકસ્માત સર્જાયો હતો. પ્રવિણભાઇએ તેમના પિતા સોમાભાઇ મંગળભાઇ પરમાર (ઉ.વ. ૬૦, સેટ્કો કંપનીના નિવૃત્ત કર્મચારી) ને બાઇકમાં પેટ્રોલ પુરાવવા અને શાકભાજી લેવા માટે મોકલ્યા હતા. સોમાભાઇ પોતાની હીરો એચ.એફ. ડીલક્ષ મોટરસાયકલ (નંબર: જી.જે-૧૭-બી.બી-૬૯૯૬) લઇને કાતોલ ગામથી કાલોલ તરફ જઇ રહ્યા હતા. તે જ સમયે કાતોલ ગામના જ વનરાજસિંહ કણકસિંહ પરમાર પોતાની હીરો પેશન પ્રો મોટરસાયકલ (નંબર: જી.જે.૨૩-બી.એઇ-૦૨૭૭) લઇને કાલોલથી કાતોલ તરફ પૂરઝડપે આવી રહ્યા હતા .ત્યારે કાતોલ ગામના ગેટથી ગામ તરફ જતા રોડ પર પચાસેક મીટર આગળ બંને મોટરસાયકલો સામસામે પ્રચંડ વેગે અથડાઇ પડી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે સોમાભાઇ પરમારને જમણી આંખની ઉપર, કપાળના ભાગે અને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

### વેજલપુર કુમારશાળા ખાતે જન કલ્યાણ શિબિરમાં વિવિધ સરકારી યોજનાઓના લાભો અપાતા ગ્રામજનો ઉમટી પડ્યા



**કાલોલ :** સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ નાગરિકોને એક જ સ્થળેથી સરળતાથી મળી રહે તેવા ઉમદા હેતુથી કાલોલ તાલુકાના વેજલપુર ખાતે આવેલી કુમારશાળામાં એક ભવ્ય 'જન કલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં સ્થાનિક લાભાર્થીઓ ઉમટી પડ્યા હતા અને વહીવટી તંત્ર દ્વારા સ્થળ પર જ જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ જન કલ્યાણ શિબિરમાં પ્રાદેશિક લોકપ્રતિનિધિઓ અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, મામલતદાર વિકાસ પટેલ, તાલુકા વિકાસ અધિકારી આર. પી. પ્રજાપતિ, તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ તથા ઉપપ્રમુખ સંજય રાઠોડ મુખ્ય આકર્ષણ રહ્યા હતા.

**મુશ્કેલીના સમયે પાલિકાના સભ્યો ગાયબ થતાં લોકરોષ ભભૂક્યો**

## ઝાલોદ વોર્ડ નં.૨ ના કસ્બા વિસ્તારમાં પાણીના કનેક્શન કપાતા ભારે હંગામો



(પ્રતિનિધિ) દાહોદ, તા.19
સ્થાનિક પાલિકા તંત્ર દ્વારા વોર્ડ નંબર ૨ માં આવેલા કબા વિસ્તારમાં પીવાના પાણીના કનેક્શનો સામે એકા એક લાલઆંખ કરીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે ઉત્તેજના અને ચર્ચાનો માહોલ ગરમાયો છે. પાલિકા તંત્ર દ્વારા કસબા વિસ્તારમાં એકાએક પીવાના પાણીના કનેક્શનો કાપી નાખવામાં આવતા સ્થાનિક રહીશોમાં તીવ્ર આક્રોશ ફાટી નીકળ્યો હતો. હાલમાં કસ્બા વિસ્તારમાં નવીન રસ્તા બનાવવાનું કામ પ્રગતિમાં છે, જે દરમિયાન પાલિકાના ધ્યાને આવ્યું હતું કે કેટલાક ઘરોમાં નિયમ વિરુદ્ધના ગેરકાયદેસર જોડાણ ચાલી રહ્યા છે. જોકે, કાળઝાળ ઉનાળાની સિઝન વચ્ચે પીવાના પાણીના કનેક્શન એકાએક કાપી નાખવામાં આવતા સ્થાનિક મહિલાઓ સહિત રહીશોના ટોળે ટોળાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા અને તંત્ર સામે મોરચો માંડ્યો હતો. લોકોના ભારે આક્રોશ અને ઉગ્ર વિરોધને કારણેસ્થિતિ અત્યંત તંગ બની જતાં તાત્કાલિક ધોરણે સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડવા પ્રયાસો હાથ ધર્યા હતા. બીજી તરફ, સ્થાનિકોએ એવો ગંભીર આક્ષેપ પણ કર્યો છે કે કેટલાક કનેક્શન તદ્દનકાયદેસર હોવા છતાં પણ તંત્ર દ્વારા આડેધડ કાપી નાખવામાં આવ્યા છે? આ આખી ઘટનામાં પાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઘોર નિષ્ક્રિયતા અને નબળી કામગીરી પણ છતી થઈ છે.કનેક્શન કાપવા બાબતે આખો દિવસ ચાલેલા હાઈવોલ્ટેજ ડ્રામા દરમિયાન વોર્ડનંબર ૨ ના માત્ર બે જ સભ્યો હાજર રહ્યા હતા, જ્યારે અન્ય સભ્યો ઘટનાસ્થળે ફરક્યા પણ નહતા.આ બાબતે સ્થાનિક રહીશોએ ભારે રોષ વ્યકત કર્યો હતો કે, જ્યારે ચૂંટણી ટાણે વોટ જોઈતા હોય ત્યારે આ સભ્યો હાથ જોડીને ઘરે ઘરે આવે છે, પરંતુ જ્યારે જનતા ખરેખર મુશ્કેલીમાં હોય ત્યારે તેઓ ગાયબ થઈ જાય છે. એટલું જનહીં, વિસ્તારમાં હાલમાં ચાલી રહેલા નવીન રસ્તાના કામમાં પણ માત્ર એક જ સભ્ય રસ લઈ રહ્યા છે અને રસ્તાનું કામ ઝડપી કરાવી રહ્યા છે, જ્યારે અન્ય સભ્યો ક્યાંય દેખાતા પણ નથી તેવી લોકમુખે ચર્ચા લઈ જોવા મળી રહી છે.

## પંચમહાલ જિલ્લાના હાલોલમાં જિલ્લાકક્ષાની વાઈબ્રન્ટ સમિટ યોજાઈ



(પ્રતિનિધિ) હાલોલ, તા.19
પંચમહાલ જિલ્લાના હાલોલ સ્થિત ખાનગી કંપનીમાં પ્રભારી મંત્રી રમેશ કટારાની પ્રેરક ઉપસ્થિતિમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ સમીટ અંતર્ગત પંચમહાલ જિલ્લાકક્ષાની વાઈબ્રન્ટ સમિટ યોજાઈ હતી. પંચમહાલ ખાતે યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાત જિલ્લા કક્ષાના આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી રમેશ કટારાએ જણાવ્યું હતું કે , દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે જ્યારે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી, ત્યારે તેમનું વિઝન ઉદ્યોગો સ્થાપીને રાજ્યના યુવાનોને રોજગારી આપવાનું હતું.

**કોન્ટ્રાક્ટરને ગુણવત્તાસભર કામગીરી સાથે નિયત સમયમાં બ્રિજનું નિર્માણ પૂર્ણ કરવા તાકીદ**

## ઘુસર ગોમા નદી પર નિર્માણાધિન બ્રિજનુ સાંસદ સહિત પદાધિકારીઓએ નિરક્ષણ કર્યું



(પ્રતિનિધિ) હાલોલ, તા.19
કાલોલ તાલુકાના ઘુસર ગામ ખાતે ગોમા નદી પર નિર્માણાધીન નવીન બ્રિજની કામગીરીનું આજરોજ સાંસદ રાજપાલસિંહ જાદવ, જિલ્લા પંચાયત પ્રમુખ નિરંજકુમાર પટેલ દ્વારા સ્થળ પર જઈ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

જ્યાં બ્રિજની ચાલી રહેલી કામગીરીનું બારીકાઈથી નિરીક્ષણ કરીને કામની ગુણવત્તા અને પ્રગતિની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે સાંસદ રાજપાલસિંહ જાદવે હાજર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરને ગુણવત્તાસભર કામગીરી સાથે નિર્ધારિત સમયમર્યાદામાં બ્રિજનું નિર્માણ પૂર્ણ કરવા તાકીદ કરી હતી. નોંધનીય છે કે, આ બ્રિજના નિર્માણથી ઘુસર સહિત આસપાસના ગામોના લોકોને ચોમાસામાં પડતી હાલાકીમાંથી કાયમી મુક્તિ મળશે અને વાહનવ્યવહાર સરળ બનશે તથા ગ્રામ્ય વિસ્તારના વિકાસને વેગ મળશે ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકાર ગ્રામ્ય માળખાકીય સુવિધાઓને પ્રાથમિકતા આપી રહી છે. ત્યારે આ બ્રિજ સ્થાનિકોની વર્ષો જૂની માંગણી હતીજે હવે પૂર્ણ થવા જઈ રહી છે જ્યાં ચોમાસા દરમિયાન ગોમા નદીમાં પાણી આવતા ઘુસર અને આસપાસના ગામોનો સંપર્ક કપાઈ જતો હતો. નવીન બ્રિજ બનવાથી હજારો ગ્રામજનોને બારેમાસ અવરજવરની સુવિધા મળશે. નિરીક્ષણ દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ,સ્થાનિક આગેવાનો અને ઉપસ્થિત રહ્યા હતા.